વિભાગ હસ્તકની જિલ્લા કચેરી અને ઘટક કચેરીઓની જગ્યાઓ આઉટ સોર્સીંગથી ભરવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૨૨૦૨૨/૨૪/બ૧
સચિવાલય, ગાંધીનગર
તા.૨૬/૦૪/૨૦૨૨

<u>વંચાણે લીધા:</u>

1) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૦૬/૦૪/૨૦૨૧ નો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૨/૪૨૯૮/બ૧.
2) નિયામકશ્રી (આઈસીડીએસ) કચેરીના તા.૧૨/૧૧/૨૦૨૧ના પત્ર ક્રમાંક: આઈસીડીએસ/મકમ-૫/૮૫ આ.સો. જગ્યા બાબતે/૬૩૮૩૬

## //ઠરાવ//

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી વિભાગ હસ્તકની જિલ્લા અને ઘટક કચેરીઓની ૮૫ જગ્યાઓ માટે માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેનપાવર ઉપલબ્ધ થયેથી પશ્ચાતવર્તી અસરથી મંજૂરી મેળવવાની શરતે આ જગ્યાઓની સેવાઓ ૧૧ માસ માટે આઉટસોર્સથી મેળવવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા (૨) પરના પત્રથી ઉક્ત જગ્યાઓની પશ્ચાતવર્તી અસરથી ભરવાની તેમજ વધુ ૧૧ માસ લંબાવવાની દરખાસ્ત કરેલ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

૨/- સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત જિલ્લા અને ઘટક કચેરીની તા.૦૬/૦૪/૨૦૨૧ના ઠરાવથી આઉટસોર્સથી ભરવા મંજૂરી મળેલ કુલ-૮૫ જગ્યાઓ પૈકી ભરાયેલ કુલ-૪૮ જગ્યાઓની સેવાઓ જગ્યા ભરાયા સમયથી તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી પશ્ચાતવાર્તી અસરથી તેમજ તા.૦૧/૦૩/૨૦૨૨થી વધુ ૧૧ માસ માટે એટલે કે તા.૩૧/૦૧/૨૦૨૩ સુધી માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેળવવાની મંજૂરી આપવામાં આવે છે:

| ક્રમ | આઉટસોર્સથી ભરવાની જગ્યાનું નામ | જિલ્લા કક્ષાની જગ્યાઓ | ઘટક કક્ષાની જગ્યાઓ | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|
| ૧ | કચેરી અધિક્ષક | ૦૩ | --- | ૦૩ |
| ૨ | આંકડા મદદનીશ | ૦૪ | ૩૩ | ૩૭ |
| ૩ | હિસાબનીશ | ૦૭ | --- | ૦૭ |
| ૪ | જુ.ક્લાર્ક | ૦૧ | --- | ૦૧ |
| | કુલ | ૧૫ | ૩૩ | ૪૮ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૦/૦૪/૨૦૨૨ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગોપાલસિંહ યાદવ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ...................
4. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, ................
5. નાયબ નિયામકશ્રી, વિભાગીય કચેરી અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.
6. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) જિલ્લા પંચાયત કચેરી, જિ................
7. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) , મ્યુનિસિપલ કોર્પોરેશન,................
8. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ.
10. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
11. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર - વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
12. શાખા સિલેક્ટ ફાઇલ